# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૭૭૫૫૧

સલામી સવારની..

**માત્ર બોલવા કરતાં આચારની જરૂર છે,**
**જંગ જીતવાને નવા વિચારની જરૂર છે,**
**સંચારની જરૂર છે વિજીક પ્રભાવના -**
**જૂથવાદી કેન્સરના ઉપચારની જરૂર છે**
**(ડો. મનમોહને-કેન્સર હોસ્પીટલ સુવિધા આપી)**

**સચિવાલયે**
**સાહેબ ન્હોય ત્યારે**
**શીત લહર**

**રાજકોટમાં**
**બાપુઓ-પટેલોની**
**યાદવાસ્થળી!**

હાઈકુ

## ચિંતન

*પ્રિય સખે વિપદંડાઘાતપ્રપાત પરંપરા - પરિચય ચલે ચિંતાચક્રે વિધિઃ ખલઃ ।*
*મૃદમિવ બલાત્પિંડીકૃત્ય પ્રગલભકુલાલવ । દ્રભ્યતિ મનો ના જાનીમઃ કિમત્ર વિદ્યાસ્યતી ॥*

ભર્તૃહરિ નીતિશતકનો આ શ્લોક છે :

**'હે પ્રિય મિત્ર, આ શઠ વિધાતા, દુષ્ટ-ધૂતારા કુંભારની માફક, મારા મનને જાણે માટીનો પીંડો બનાવીને ચાકડા પર ચઢાવી (ચિંતા રૂપી ચાકડા પર) વિપત્તિ રૂપ દંડની લાકડી વડે ફેરવી ફેરવી આઘાતો અને પ્રત્યાઘાતોની પરંપરા સર્જી ચાકડાની જેમ ગતિ શીલ બનાવી, મનને ફેરવે છે. મનને ખૂબ ભમાવે છે પછી તે શું કરવા માગે છે તે અમે જાતણા નથી.'**

**જન્મ-પછી અણસમજના માત્ર બે-ત્રણ વર્ષ બાળક નિશ્ચિંત રીતે જીવે છે અને પછી ચિંતાનો ચાકડો શરૂ થઇ જાય-બડઝૂ-કિંડરગાર્ટન નામે નાનાં બાળકોની પાંજરાપોળ સત્તર વર્ષ સુધી શાળા-મહાશાળા-કોલેજ જેવાં નામ બદલી ચિંતાના દંડ ફટકારે છે. વાલીઓ ભવિષ્યનો ભય બતાવે શિક્ષકો પરીક્ષા-ટકા-ટ્યૂશનનો...**

**લગ્ન-પરિવાર પછી રોટી-કપડાં-મકાન-લોન-હપ્તાની ચિંતા-પૈસા હોય તો ઇન્કમટેક્ષની ન હોય તો ખોટા ધંધાની વચ્ચે વચ્ચે રોગ-દવા-હોસ્પીટલ-અકસ્માતો.**

**આ શઠ વિધાતા, નિર્દય કુંભાર જેમ કૂણી-કોમળ-પોચટ માટીને ચાકડે ચઢાવી ફેરવે છે તેમ વિધાતા આપણને સૌને શા માટે ચિંતાને ચાકડે ચઢાવે છે? ખબર નથી પડતી.**

## સુવિચાર

- **તમારી અંદર રહેલો પરમાત્મા જગતના કોઇ પણ ગુરૂ કરતાં અનંત ગણો મહાન છે, અંદર ઝાંખવાની જરૂર છે** - *મુનિ ચંદ્રવિજયજી*
- **જે ઘરમાં ધન હોય, સુ:લક્ષણતા સ્ત્રી હોય, પુત્ર વિનયી, ઉદ્યમી અને ગુણયુક્ત હોય પુત્રને ઘેર પુત્ર જન્મ્યો હોય તે ઘર ઇન્દ્ર પુરી છે** - *ધર્મસૂત્ર*
- **મુશ્કેલીઓ, પ્રતિકૂળતાઓ સાથે સંઘર્ષ કરવાની શક્તિ જ આપણને ઓજસ્વી, તેજસ્વી અને વર્ચસ્વી બનાવે છે** - *મોરારિ બાપુ*
- **કુછ રિશ્તે ઉપરવાલા બનાતા હૈ, કુછ રિશ્તે લોગ બનાતે હૈ મગર કુછ લોગ બિના રિશ્તે હી રિશ્તે નિભાતે હૈ, ઉન્હેં હમ 'દોસ્ત' કે નામ સે જાનતે હૈ** - *અંસ.અંમ.અંસ.*
- **જ્યાં સુધી માણસ પોતાનાથી અજાણ્યો હોય ત્યાં સુધી એ કોઇને ઓળખી શકતો નથી, દુનિયાને સમજવાની શરૂઆત પોતાનાથી જ શરૂ થતી હોય છે** - *જ્ઞાનમૂત્ર*
- **તકલીફ પડવાની જ છે એવી માનસિક તૈયારી સાથે જીવનારને તકલીફનો સામનો કરવામાં ઓછી તકલીફ પડે છે** - *અંસ. ભટ્ટાચાર્ય*
- **બસ પલળવું એ જ આશય હોય છે, પણ કોઇ પણ આંખો જળાશય હોય, છે, માત્ર શ્રદ્ધા પર બધો જ આધાર હોય છે, ક્યાં બધા પથ્થર શિવાલય હોય છે** - *મુનિન્દ્ર વિજય*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

**આપણને નોકરી મળે સાથે નિશ્ચિત પગાર તો મળે જ છતાંય-ગામડામાં શિક્ષકની નોકરી મળે તો મફત દૂધ-છાશ શાકભાજી મળશ, સારૂં પોસ્ટીંગ હોય તો વળી એમ કહીએ પગાર ઉપરાંત 'આડી આવક' સારી છે, હતા તો નક્કી જ છે! આપણી નજર કર્તવ્ય-ફરજ પર નથી 'મફત' વધારાનું' શું મળશે મને શું ફાયદો? એવું વિચારીને જ કામ-કર્તવ્ય કરીએ છીએ.**

**શિયાળામાં એક ગામમાં 'નાટક મંડળી' ગઇ નાનું ગામ એટલે 'પ્રચાર' આપ મેળે જ થઇ ગયો. રાત્રે નાટક શરૂ થવાનો સમય પણ માંડ પંદર-વીસ જણા એમાં તલાટી-સરપંચ-ડોક્ટર-પોલીસ તો પાસવાળા હતા. મેનેજરે પોતાના 'મોટા કલાકારો' સાથે ચર્ચા કરી નાટક શરૂ કરવું કે નહીં? કે ઉઘાળા ભરી ચાલ્યા જવું?! એકે કહ્યું - પહેલો દિવસ છે એટલે આવું જ હોય! બીજો કહે-આજે ઠંડી વધારે છે એટલે લોકો નહીં આવ્યા હોય! ત્રીજો તો નાટક ભજવવા તૈયાર જ ન હતો.**

**ચોથો એ કહ્યું - જે પંદર જણા આપણા પર વિશ્વાસ મુકી પૈસા ખર્ચી નાટક જોવા આવ્યા જ છે એમનો, આપણાથી વિશ્વાસ ભંગ કેમ થાય? આપણે તો દર્શક પાંચસો હોય કે પંદર-પણ અભિનય-નાટક તો મનથી-કર્તવ્ય-ફરજ સમજીને જ ભજવવું જોઇએ-દિલ રેડીને કામ કરો જ!**

**નાટક ભજવાયું-ખૂબ વણખાયું. ગામના ઠાકોર પણ ટિકીટ ખર્ચીને આવ્યા હતા એણે ખૂશ થઈ ઈનામ-સીધા (જમવાનું) આપ્યાં અને પોતાના દસ ગામમાં આ નાટક ભજવવા 'એડવાન્સ' સાથે નિર્મંત્રણ પણ આપી દીધું. જે કર્તવ્ય-ધર્મ-ફરજ બજાવે છે એ મને શું મળશે? મને શું ફાયદો નો વિચાર નથી કરતા. કર્તવ્ય સંતોષ જ એમનો આનંદ છે.**

Email - sureshchandrabhatt18@gmail.com

# વાત દુ:ખની હોય કે સુખની તે એકબીજા વચ્ચે વહેંચવાથી કોઇ નવો માર્ગ, નવો વિચાર કે નવી દિશા મળી શકે છે

**નવાં ક્લેવર**
**- નટવર હેડાઉ**

સમારોહ ઉમંગ, ઉત્સાહ, ઉત્કંઠા, અપેક્ષા અને સંદેહના અનેકવિધ પ્રવાહોને સમેટીને સમાપન તરફ આગળ વધી રહ્યો હતો. સાહિત્ય સંસ્થા 'કથ્ય'માં નવી ચૂંટણી થઇ હતી. ઉત્કંઠા એટલા માટે હતી કે આ પહેલાંની 'કથ્ય' ની કારોબારી સમિતિમાં અસહયોગ, વિરોધ-અવરોધ, એક બીજાં વચ્ચે હુસાંતુસી એ અપમાનની બધી હદ પાર કરી દીધી હતી. દરેક કામ, દરેક યોજના ડગલે ને પગલે આવતાં વિઘ્નો સાથે માંડ માંડ આગળ વધતી હતી. આ સંસ્થા સરકરી અને કેટલાક બુદ્ધિજીવી ચિંતક વર્ગના સહિયારા પ્રયાસો રૂપ હતી. એક માસિક મુખપત્ર પણ નીકળતું હતું. મહિનાના ત્રીજા રવિવારે કારોબારી અને કેટલાક સાહિત્યકારોની સહિયારી બેઠક થતી પરંતુ સ્વાર્થ અને પોતાને સર્વોત્કૃષ્ટ સર્વોપરિ સિદ્ધ કરવાની હોડમાં સંસ્થાના મૂળ નબળાં પડી રહ્યાં હતા.

સૌ શુભચિંતકોના મનમાં આશા હતી. સૌ ઇચ્છતા હતા કે છીછરાપણામાંથી મુક્તિ મળે અને કંઇક નવું કરવાની ભાવના ઉજાગર થાય. તે માટે નવી યોજનાઓ બની. કાર્યપદ્ધતિ અંગે વિચાર-વિમર્શ થયા. ત્યાં પ્રમુખશ્રીએ શ્રીમતી સ્નેહ વ્યાસ ને અભિનંદન આપતાં પુષ્પ ગુચ્છ અર્પણ કર્યો. આજે તેનો જન્મદિવસ હતો. કોઇએ પુછ્યું કેટલામો? સ્નેહાએ દબાતા અવાજે કહ્યું. 'સાઇઠમો' હું વિચારવા લાગ્યો. તેને રીયાટર થયે સાત વર્ષ થઇ ગયાં છે છતાં હજુ સાઇઠ વર્ષ. અમે સાથે જ નોકરી કરતા. તેનો સ્વભાવ જરા અતડો પણ સૌના સુખ-દુ:ખમાં ભાગીદાર બનવાની ભાવના ખરી. તેથી તેના પ્રત્યે મનમાં રોષ ને બદલે કરૂણા વધુ ઉપજતી. કેમ સ્નેહા? હજુ પણ? હવે તો બધું બરાબર છે. હવે આ વર્ષોની ગણતરીમાંથી બહાર આવવું જોઇએ. અમુક ઉંમરે પહોંચ્યા પછી ન તો તેનો કોઇ અર્થ છે કે ન તો મહત્ત્વ.

ઉંમર નો બખેડો તો સ્નેહાની સાથે બચપણથી જ ચાલ્યો આવે છે. પહેલાં ક્યાંક જવું હોય તો સરકારી બસમાં જવાનું હતું. બાર વરસની ઉંમર સુધી અડધી ટીકીટ ચાલતી. ભગવાને નાનકડી સ્નેહાને એવી હૃષ્ટપૃષ્ટ બનાવી દીધેલી કે અડધી ટીકીટની વાત આવતાં કંડકટર તેને ઉપરથી નીચે સુધી જોઇ કહેતો, 'માજી તમે ટીકરીની ઉંમરમાં કંઇ ભુલ તો નથી કરતાં ને' બિચારી છોકરી રડી પડતી અને માં ને કહેતી માં મારી આખી ટીકીક લો ને 'લોકો મને વિચિત્ર રીતે જુએ છે. તે મને ગમતું નથી. સમયની સાથે પછી જાણે કે તેની વધ અટકી ગઇ.' ઊંચાઇ પાંચ ફૂટ એક ઇંટે અટકી ગઇ. પોતાના ક્લાસમાં સૌથી નાની દેખાતી સ્નેહા પી.ટી.ના પિરીયડમાં ઊંચા ઓટલા પર ઊભી રહી બે હાથ જોડી મસ્તક નમાવીને નમસ્તે કરતી ત્યારે એનું ભોળું સ્મિત સૌનું મન મોહી લેતું. ભણવામાં હોંશિયાર હતી તેથી ડિસ્ટીંકશન સાથે આગળ વધતી હતી. યુનિવર્સિટીમાં લેક્ચરરશિપ પણ એમ જ સહજતાથ મળી ગઇ. મોહક વ્યક્તિત્વ, સ્વાભિમાન, ક્યારેય જરા ઊણો ન ઉતરે તેવો આત્મવિશ્વાસ, પોતાના વિષય 'ભાષાવિજ્ઞાન' માં પારંગત અને સંપૂર્ણ આત્મવિશ્વાસથી ભરપૂર સ્નેહા હતી.

સ્નેહા જ્યારે દશમામાં હતી ત્યારે ખુબ જ ધામધુમથી ભાઇનાં લગ્ન થયેલા. લજામણીના છોડની જેમ સંકોચથી શરમાતી ભાભીને વળગીને રહેવાથી તેનું મન ઘરાતું નહીં. કદાચ તેના અંતરમનમાં પણ ભાભીની જેમ સજીધજીને સંકોચ અને શરમ સાથે પોતાની જાતને જોવાની કલ્પના અંકુરીત થતી હતી. બી.એ.પાસ થતાં જ ઘરમાં છોકરાઓની વાતો થવા લાગી. કોઇને એમ કહીને નકારી દીધો કે લેંઘો જેવું પેન્ટ પહેરે છે. તો કોઇ 'બબલું' જેવો લાગે છે. કેમ કે તેની માં એ એવું કહેલું કે 'ભાઇ રહા પીતા નથી દૂધ પીએ છે ને નિયમિત ચ્યવનપ્રાશ ખાય છે.' ક્યાંક વળી દહેજને કારણે તો ક્યાંક સ્નેહાની ચામડીનો રંગ કે કદ આડું આવતું હતું. તેને બા ના વિચારો અંગે આશ્ચર્ય થયું.તે મારા મનની વાત કેમ સમજી શકતી નથી. યુનિવર્સિટીમાં લેક્ચરરશિપ મારા મેધાવી પણાનું પ્રમાણ છે. પણ હું બીજી છોકરીઓ જેવી જ છું. તો તેમાં મારો શું વાંક? તેને ઘણી વખત ખીજ ચડતી કે શું હું એટલી સારી કે એટલી ખરાબ છું કે ભગવાને મારા માટે લાયક વર બનાવી જ નથી શક્યા. પચ્ચીસ છવ્વીસની ઉંમર થતાં એવું લાગ્યું કે બધા એવું માની બેઠાં છે કે આટલી હોંશિયાર છોકરીને લગ્નના બંધનમાં બંધાવાની જરૂર જ નથી. સ્નેહા પણ પોતાના મનની વાત ન કોઇને કહી શકતી કે ન તો એ દિશામાં કોઇ પ્રયાસ કર્યો. રીડરશીપ મળી. પ્રોફેસર બનવામાં પણ કંઇ મુશ્કેલી જેવું ન હતું. બા એ પોતાના દિકરા-વહુ સાથે રહેવાનું નક્કી કર્યું. એ જતાં રહ્યા.

એકલતા વધુ ડંખવા લાગી. સમયનો બોઝ સાથે ચહેરાનું નૂર દબાવા લાગ્યું. પણ અચાનક તેનામાં પરિવર્તન આવ્યું. વ્યવસ્થિત કપડાં તો એ હંમેશ પહેરતી પણ જરા વધુ ટાપટીપથી તેની આભા નિખરી ઉઠી.

લગભગ પાંચ વર્ષ પહેલાં સમીરે યુનિવર્સિટીમાં ભણવાનું શરૂ કરેલું. આકર્ષક વ્યક્તિત્વ વાળો વિનમ્ર અને ઠરેલ સ્વભાવ, આ શહેરમાં એ નવો નવો આવેલો. કુટુંબ કંઇ વધુ સમૃદ્ધ નહોતું. એ વાત તેણે પોતે જ વાત વાતમાં કરેલી. રહેવાનું કોઇ ઠેકાણું નહોતું. કોઇ મિત્ર સાથે રૂમ ભાડે રાખી રહેતો હતો. ખાવા-પીવાના પણ કંઇ ઠેકાણા ન હતા. તેની આ વાતથી સ્નેહાના મનનો કોઇ ખૂણો ભિંજાયો. આમ તો બંને ઘણી વખત મળતા. ક્યારેક કોઇ મિટીંગમાં કે ક્યારેક યુનિવર્સિટીના કાર્યક્રમમાં, કોણ જાણે કોણે સુઝાડ્યું, કોણે પહેલ કરી, બંને કોફી હાઉસમાં પહોંચી ગયા. વાત વાતમાં સ્નેહાએ કહ્યું મારા ઘરાં એક ઓરડો ખાલી જ પડ્યો છે. ત્યાં રહેવા આવી જાવ. જ્યારે ઘરની વ્યવસ્થા થઇ જાય તો જજો. પણ પછી તો ન કોઇ ઘરની વ્યવસ્થા થઇ કે ન તો સમીર બીજે રહેવા ગયો. બંને સાથે જ જોવા મળતાં અને એ તો ખરું જ ને કે સાથે રહેતા હોય તો સાથે જ જોવા મળે.

એક દિવસ કોફીના કપની સાથે વાત વાતમાં વાત આગળ વધી. કંઇક તો આજના ભ્રષ્ટ રાજકારણની અને કંઇક સાહિત્ય ચર્ચા થતાં સહજભાવે સ્નેહા પુછી બેઠી 'સમીર તારા કુટુંબમાં કોણ કોણ છે?' હમણાં તો બા એકલી જ છે ગામડે એકલી રહે છે. તેને એકલા મુકવાનું મન તો નથી થતું પણ બીજો કોઇ ઉપાય પણ નથી. આમ તો ગામના લોકોમાં હજુ એટલો ભાવ તો છે જ કે જરૂર પડ્યે સૌ આવીને ઊભાં રહી જાય. સ્નેહા પુછી બેઠી હજુ સુધી લગ્ન કેમ નથી કર્યા? સમીરના ચહેરા પર ગર્વમિશ્રિત હળવું સ્મિત છવાઇ ગયું. 'બાપુજીના ગયા પછી મારા ખભે બા અને બે બહેનોની જવાબદારી આવી ગઇ. તે પુરી કરૂં તો પછી જ મારા માટે વિચારી શકું ને? રંજન અને રમીલા બંને બહુ વ્હાલી લાગે તેવી છોકરીઓ છે. તમે તેને જોશો તો તમને તે ગમી જશે. છોકરીઓ સુંદર અને સુંશીલ હશે જ તેનો આભાસ ભાઇનું વ્યક્તિત્વ જોતાં જ આવી જાય છે. સમીરે પોતાની વાત પુરી કરતાં કહ્યું, હું તો ભગવાનનો મોડો પાડ માનું છું કે બંને ખુબ સુખી છે એવા ઘર અને વર મળ્યાં છે.' તો હવે તમારે પણ લગ્ન કરી લેવાં જોઇએ. સ્નેહાએ સહજભાવે કહ્યું, સમીર જાણે કે કોઇ સપનામાંથી ઝબકીને જાગી ગયો. અને એકદમ ચોંકી જતાં બોલ્યો. 'જી, આ બાબતે મેં કંઇ વિચાર્યું નથી. જોઇશ.' તે દિવસે વાત ત્યાં જ પુરી થઇ.

એક દિવસ સાંજ બંને જમતા હતા. ત્યારે સ્નેહા ને ઉદાસ જોઇને સમીરે પુછ્યું. 'તમે મજામાં છો ને? કંઇ ચિંતા જેવું તો નથી ને? તમને ઠીક લાગે તો મારી સાથે મનની વાત શેર કરી શકો. વાત દુ:ખની હોય કે સુખની તે એકબીજા વચ્ચે વહેંચવાથી કોઇ નવો માર્ગ, નવો વિચાર કે નવી દિશા મળી શકે છે.'

સ્નેહાની સમીરની આ આત્મીયતા ગમી. તેના ચહેરા પર જરા સ્મિત આવ્યું. 'સમીર તમે મારા સુખદુ:ખમાં ભાગીદાર થશો. ચાલો એક સાથી તો મળ્યો જે મારા મનમાં શું છે તે જાણવા માંગે છે, અને પછી ધીરે ધીરે આખો અતિત સપાટી પર આવવા વ્યાકુળ થયો. આજની ઉદાસીનતાનું કારણ હતું બા નો પત્ર. જેમાં સમીરની સાથે રહેવા બાબતે ભાઇ ચિંતા એ બાની ચેતવણી હતી. લોકો વાતો કરશે. આ ઉંમરે લગ્ન, સમીરની નાની ઉંમર, એવી તો ઘણી વાતો હતી. વાત જરા ખટકી છતાં તે હસીને બોલી. 'તેના મનમાં લોકોની વાતોની કોઇ બીક નહોતી કે નહોતી આશંકા.' કહેવું હોય તે ભલે કહેતાં. હું મારી જિંદગી મારી રીતે જીવીશ, કોઇની કહ્યે નહીં, સમીરનો ચહેરો જરા વધુ ગંભીર થઇ ગયો. મંત્રમુગ્ધ એ બોલી પડ્યો. 'સ્નેહા તમે તમારા એકલવાયા પણામાં મને સમાવી ન શકો? તેના માટે જો બંધનમાં બંધાવું જરૂરી હોય તો મને તે મંજૂર છે. પણ નિર્ણય હું તમારા પર છોડું છું.' સ્નેહાની આંખમાં તરલતા આંસુ બની વહેવા લાગી. તરત ન તો હા કરી શકે કે ના કરી. સમીરે તેના માથે આશ્વાસનનો હાથ મુક્યો ત્યારે તેને લાગ્યું કે સમીર ના ખભાનો સહારો તેને સદાને માટે મળી ગયો હતો. કદાચ આ જ ભાગ્ય છે. તે પછી બીજી કોઇ ધમાલમાં પડ્યા વિના બંને કાનૂની પ્રક્રિયાથી લગ્નનાં બંધનમાં બંધાઇ ગયા.

*(અનુસંધાન પાના નં. ૬ પર)*

# ન્યૂ યર ગિફ્ટ હેમ્પર : સૌના માટે ગેરેંટેડ ઉદ્દપનો બેરર ચેક...!!

## નવાં વર્ષે આપણને સૌને ભગવાને બે વિકલ્પ ભેટ ધર્યાં છે : જાગો અને તમારા મનગમતાં સપનાં પુરા કરો અથવા સૂતા રહો અને તમારાં મનગમતાં સપનાં જોતા રહો

વિતેલા વર્ષે અનેક જણનાં સપનાં પુરા કર્યાં તો અનેકનાં અધુરા પણ રાખ્યાં. આમ આદમી જેવા જો ભારતની રાજધાની દિલ્લીની સલ્તનત પર સવાર થાય એટલે સાચા અર્થમાં જ આમ આદમી હવે રાજકારણમાં 'હોપ' દેખાવા લાગે... નિવૃત્તિ પછી બાંકરે ગોઠવાઈને ગામગપાટાં અને પરિવારનો બળાપો કાઢતાં સન્માનીય વડીલોને પણ અણ્ણા હજારેનો લોકપાલ બીલની બલ્લે બલ્લે થતાં જિંદગીમાં તો હજી ઘણાં સપનાં સાકાર થઈ શકે એવી આશા બંધાઈ જ હશે... નાનકડાં ગામનો એક ચા વેચવાવાળો માત્ર અને માત્ર પોતાના આપબળે એમનાં પક્ષનાં ફેવીક્વિકનાં ડબ્બાઓ ઠાલવી જામી પડેલાં અને વડાપ્રધાન તરીકે જ સ્થાપિત કરી ચૂકેલાં નેતાને ઉખેડી પોતાને પબ્લીકમેનમાંથી પ્રાઇમ મિનિસ્ટર સુધી પ્રસ્થાપિત કરનારાં નરેન્દ્ર મોદીને જોયાં બાદ કેટલાંય લોકોને એક નવા ચેપ્ટરની આશા બંધાઈ હશે...

આ તો થઈ અખબારનાં મથાળે છપાતાં સમાચારોની વાત. કેટલાંક આપણાંમાંના એ જ ગયાં વર્ષે બોર્ડમાં નંબર લાવવાનો, કોકે નવી કાર વસાવવાનો, લગ્ન કરવાનો, માતા-પિતા બનવાનાં, નવું ઘર વસાવવાનો, સમાજસેવા કરવાનો, વિશિષ્ટ ઉપલબ્ધી પ્રાપ્ત કરવાનો, કસરત કરવાનો, સારૂં ગીત ગાવાનાં કે ચિત્ર દોરવાનાં, કોઇક યુવતીએ ફેશનેબલ બનવાનાં તો ગૃહિણીએ અથાણાં-પાપડ શિખવાનાં, કોઇ કે ડ્રાઇવિંગ શીખવાનાં કે કોકે ડાન્સ કે ગરબા, કોઇકે પોતાનો અમૃતોત્સવ ઉજવવાનાં કે કોઇકે પોતાની મેરેજ એનીવર્સરી ઉજવવાનાં, કોઇકે સરસ કવિતા કે લેખ લખવાનાં કે કોકે વાંચવાની ટેવ પાડવાનાં, કોક વોટ્સ અપ પર અપડેટ થવાનાં તો કોઇકે વ્યસન છોડવાનાં.... અનેક સપનાઓ જોયા હશે, જેવી જેની ડિમાન્ટ કે પ્રાયોરીટી એવાં એનાં સપનાં, અને એ અનેકનાં પુરા થયાં હશે તો કેટલાંકના થવામાં હશે અને કેટલાંક હજી સુતા સુતા જોતાં જ હશે!! આપણાં સપનાં, આપણી ઇચ્છાઓ નક્કી કરવાં સંદર્ભે આમ તો પ્રખ્યાત વાત છતાંય નવાં વર્ષે ફરી વાંચીને રિફ્રેશ થઇએ તો કદાચ કામે લાગી જાય.

ગાંધીનગરની ઉમા આર્ટ્સ અને નાથીબા કોલેજનાં તર્કશાસ્ત્રના પ્રાધ્યાપક પાર્થ જોષી નવાં વર્ષે વિદ્યાર્થીઓને કંઇક નવાં જ તર્ક સાથે શિખવવા આજે વર્ગમાં થોડી ઘણી વસ્તુઓ લઈને આવ્યા હતાં. પિરીયડ શરૂ થતાં એમણે એક મોટી કાચની બરણી ટેબલ પર મુકી અને કશુંય ના બોલતાં એમણે પેરોટ કલરનાં ટેનિસનાં બૉલ અંદર ભરવાનાં શરૂ કર્યાં. ૭-૮ બૉલમાં તો બરણી ભરાઇ ગઇ, પછી એમણે એમની કાળી-ધોળી દાઢી ખંડવાળતાં વિદ્યાર્થીઓને પુછ્યું, 'બોલો, આ બરણી ભરાઇ ગઇ ને?' બધાંએ એક સાથે 'હા'માં જવાબ આપ્યો.

પછી તો સર મલકાયાં અને એમણે લખોટીઓનો ડબ્બો કાઢ્યો અને ધીમે ધીમે એ બરણીમાં નાંખવા લાગ્યા, વિદ્યાર્થીઓમાં થોડો ગણગણાટ થયો, કેટલાંક તો માથુંય ખંજવાળવા લાગ્યા, થોડીવારમાં ફરી બરણી ભરાઇ ગઇ. હવે સર મંદ મંદ હસતાં બોલ્યાં, 'બોલો, હવે તો બરણી ભરાઇ ગઇ ને?' આ વખતે વિદ્યાર્થીઓ જોરથી બોલ્યાં, 'હા' સર, હવે ભરાઇ જ ગઇ.

હવે સર ખરેખરાં મુડમાં આવી ગયા, નવાં વર્ષે નવો જ લેસન જામ્યો હતો, વિદ્યાર્થીઓ પણ એક ધ્યાનથી સર શું શીખવવા માંગે છે એની ઇન્તેજારીમાં હતા. બધાં વિદ્યાર્થીઓ ઊંચી ડોકે હવે શું? નાં પ્રશ્નાર્થ ચિહ્નમાં હતા અને સરે એક રેતી ભરેલી કોથળી કાઢી. ધીમે ધીમે રેતી બરણીમાં નાખતાં ગયા અને બરણી હલાવતાં ગયા, ટેનીશ બોલ અને લખોટી બાદ બચેલી જગ્યામાં રેતી જઈને ગોઠવવા લાગી. અને અંતમાં બરણી ફુલ થઇ ગઇ, હવે છોકરાઓમાં હાશકારો થયો. સરે એમની આગવી સ્ટાઇલમાં પુછ્યું, 'બોલો, હવે ક્યાંક બરણીમાં જગ્યા બચી છે?' વિદ્યાર્થીઓએ બેંચ થપથપાવતાં સરને વધાવી લીધાં અને જોરથી બોલ્યાં 'ના' સર...

સરનાં ચહેરા પર સંતોષની લકીર દેખાઇ, સર થોડા થાક્યા હતા એટલે એમણે એમની બેગમાંથી એક થરમોસ કાઢ્યો, બે કપ ભરીને કૉફી ભરી, હવે એમને ફરી વિદ્યાર્થીઓ સામે નજર ફેંકી, વર્ગમાં સાપ સુંઘી જાય એવો સન્નાટો હતો. એમણે ધીમે ધીમે એ કૉફી એ બરણીમાં રેડવાની શરૂ કરી, પ્રવાહી એવી કૉફી પેલાં પારસીઓ જેમ દૂધમાં સાકરની જેમ ભળી ગયા હતા એમ પેલી રેતીમાં જઈને સમાઇ ગઇ... વર્ગમાં તાળીઓને ગડગડાટ થયો, આ વખતે સરને કોઇ પ્રશ્ન પુછવાની જરૂર જ ના દેખાઇ. વર્ગમાં બધા પોતાની મુર્ખાઇ અને સરની ચતુરાઇ પર હસી રહ્યાં હતા, અને પાર્થ જોષી બોલ્યાં, 'હવે, આ જે બરણી છે ને એને તમારી જીંદગી સમજો...'

આમાં જે ટેનિસનાં પેરોટ કલરનાં બોલ છે એ ખુબ મહત્ત્વનાં છે, ભગવાન, કુટુંબ, છોકરાં, આરોગ્ય, મિત્ર અને મનગમતાં શોખ કે જે તમારી જિંદગીને હરીભરી બનાવે છે, આ બધાં એવાં છે ને કે તમારી જિંદગીમાંથી બધું જ ચાલ્યું જશે તોયે આ લોકો તમારૂં આયુષ્ય પરિપૂર્ણ કરવામાં મદદરૂપ થશે અને તમે જીંદગી જીવી જશો. આ રંગબેરંગી લખોટીઓ એટલે ઇતર વાતો જેવી કે નોકરી, ઘર, કાર, ટી.વી. મોબાઇલ, મોજશોખ કે જેનું મહત્ત્વ તો છે પણ પેલાં ટેનિસ બોલ જેટલું નથી. એ પછી રેતી આવે છે એટલે કે અન્ય ફાલતું કાર્યો. જેમાં ટોળા ટપ્પા ગલ્લા પરિષદ, કુથલી-નિંદા, વ્યસનો, ટાઇમપાસ પ્રવૃત્તિ કે જેના કરીએ તો પણ ચાલે...

*(અનુસંધાન પાના નં. ૬ પર)*

# પ્રેમ અને લગ્ન અને પ્રેમ

**ગુલમહોર**
**- દિનેશ દેસાઈ**

અંગ્રેજી લેખિકા લિસા પન્કાઉ બેસ્ટ સૅલર રાઈટર છે. તેનું નવું પુસ્તક "બિયોન્ડ સિડક્શન: લવિંગ વિધાઉટ લિમિટ્સ"(Beyond Seduction: Loving Without Limits:) બૅસ્ટ સૅલર બન્યું છે. લિસાએ પ્રેમની અનુભૂતિ પણ કરી છે. લગ્નભંગ અને ડિવોર્સ પણ થયાં એ પછી વૈધવ્યએ તેને એકલી પણ પાડી દીધી. પ્રેમ વિશ્વનો ચિરંતન વિષય છે. ખુબ લખાયું છે. લિસા કહે છે કે "પ્રેમમાં હોવું એ કદાચ સહેલું છે પરંતુ એ સ્થિતિ કાયમ રહે એ અઘરું છે." આપણે ત્યાં પણ એવું કહેવાય છે ને કે પ્રેમ કરવો સહેલો છે પણ નિભાવવો મુશ્કેલ — અઘરો.

"બિયોન્ડ સિડક્શન: લવિંગ વિધાઉટ લિમિટ્સ"માં લિસાએ સાચા દિલનો પ્રેમ મેળવવા માગતા હૈયાઓ માટે, પરણેલાં યુગલો માટે અને પોતાનાં સંબંધ મસાલેદાર બની રહે અને સંબંધમાં રોમાન્સ જળવાઈ રહે એવું ઈચ્છતાં તમામ યુગલો માટે લખ્યું છે. તેનું કહેવું છે કે "લગ્ન પછી પ્રેમ વરાળ બનીને ઊડી ન જાય એ માટે સંબંધની અને પરસ્પર વ્યક્તિની માવજત કરવી પડે. પાણી ન સિંચવામાં આવે તો છોડ કરમાઈ જાય, એવું સંબંધનું પણ છે."

પ્રેમમાં કે લગ્નમાં બહુ જલદી દંભ, અહંકાર અને આડંબર જગ્યા બનાવી લે છે. જેમ ખોરાક વાસી થાય પછી એમાં ફૂગ બાઝી જતી હોય છે. સંબંધ કાચના વાસણ જેવા છે. ખુબ સાચવવો પડે, ખુબ કાળજી લેવી પડે. મોટા ભાગનાં યુગલ પોતાનાં સંબંધથી ખુશ છે કે નહીં, એનો એકરાર પણ કરતાં નથી અને અણગમો વ્યક્ત કરતાં પણ ડરતાં રહે છે. જે સંબંધ માત્ર નિભાવવો પડતો હોય તો એવા સંબંધનો બોજ ખભે લઈને ચાલવાનો કોઈ અર્થ નથી. પરંતુ મોટા ભાગનાં યુગલમાંથી કોઈ એક વ્યક્તિ તો ખભા ઉપર આવો બોજ લઈને જિંદગી પુરી પણ કરી દે છે.

જ્યારે લગ્ન કરીને સાથે રહેવાનું પસંદ કર્યું હોય ત્યારે જીવનસાથીની પસંદગીનું ધોરણ સમકક્ષતા નક્કી કરી હોય છે. દાખલા તરીકે વકીલ મોટા ભાગે પોતાની જીવનસાથી વકીલ હોય એવું પસંદ કરે. એ રીતે ડૉક્ટર યુવતી પોતાનો સાથી પણ ડોક્ટર હોય એવું ઈચ્છે તો એમાં કશું ખોટું નથી. આખરે એમનો ક્રાઈટેરિયા એટલા માટે આવો હોય કે બેઉ એક જ ફિલ્ડમાં હોય તો એકમેકને સમજી શકશે, એકમેકની સમસ્યા સમજી શકશે એવા ખ્યાલ બેઉ પક્ષ રાખતાં હોય છે. પરંતુ સમય જતા અહમ્નો ટકરાવ પણ એક જ ફિલ્ડના કારણે આકાર લેતો હોય છે. એક જ ફિલ્ડમાં જ્યારે એક પાત્રને વધુ તકો, વધુ માન-સન્માન, વધુ સૅલરી યા વળતર મળવા લાગે ત્યારે એક છત નીચે રહેતા હોવા છતા બીજા પાત્રના મનમાં છુપી ઈર્ષા — બળતરા શરુ થઈ જાય છે.

જ્યાં સુધી પ્રેમી યુગલમાં આવું બનતું હોય ત્યારે સમય આવ્યે બેઉ પાત્ર છુટાં પડી જતાં હોય છે. પરંતુ લગ્ન કરીને જીવનસાથી બનેલાં યુગલ સંતાનોનું શું થશે? સમાજ શું કહેશે? કામકાજના સ્થળે અને અન્યત્ર આબરુ — પ્રતિષ્ઠાનું શું? એમ વિચારીને શારીરિક નહીં પણ માનસિક "કજોડાંનો વેશ" જીવનભર ભજવતાં રહે છે. સંબંધની માવજતમાં નાની નાની બાબતો પણ બહુ મોટું કામ કરી જાય છે. સહજીવનમાં શું સમસ્યા છે એની તરફ આપણું ધ્યાન બહુ જલદીથી જતું હોય છે. સમસ્યા દેખાય છે પણ એનો ઉકેલ કે નિરાકરણ દેખાતું નથી અથવા એનો ઉપાય શોધવાનું આપણને સુજતું નથી. ડિવોર્સ રેટ જો વધતા હોય તો એ તંદુરસ્ત વિચારસરણીની નિશાની પણ ગણાવી જોઈએ. સમજણપૂર્વક છુટાં પડવાની સમજ કેળવાય એ પણ જરુરી છે. મોટા ભાગે એવું બનતું નથી અને મન વિનાનાં સંબંધ ડુસકાં મૂકીને સૂકાઈ જાય છે. કોરી આં